અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિવિધ પરીક્ષાઓની પૂર્વતૈયારી માટે તાલીમ આપવા માટેની યોજના બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૨/૧૧/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૧૪/ન.બા-૭૯/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૨૦૧૬/ન.બા-૨૫/ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૧૪/ન.બા-૭૬/ગ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ

(૫) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ

(૬) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૪/૦૯/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૮/૨૦૨૧/૫૮૨૯

(૭) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૧/૧૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૮/૨૦૨૧/૮૦૫૫

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૬/૦૮/૨૦૧૪ના ઠરાવથી અનુસૂચિત જાતિના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ NEET, JEE, PMT, ગુજકેટ, અને જીસેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે પરીક્ષાની પુર્વ તૈયારી માટે કોચીંગ સહાય આપવાની યોજના અમલમાં છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૧૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી ભરતી પરીક્ષાઓની પુર્વ તૈયારી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોચિંગ આપવા માટે કોચીંગ સેન્ટર શરૂ કરવા માટેની યોજના અમલમાં છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના તા.૦૮/૦૮/૨૦૧૪ના ઠરાવથી કેન્દ્રિયકૃત સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તથા કેન્દ્રિયકૃત ભરતી પરીક્ષાઓની પુર્વ તૈયારી માટે PPP મોડમાં કોચીંગ સેન્ટર શરૂ કરવા માટેની યોજના અમલમાં છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના તા.૦૩/૧૨/૨૦૧૯ના ઠરાવથી ઉક્ત યોજનાઓ માટે સંસ્થાના પસંદગીના ધોરણો ઠરાવવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૬) અને (૭) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના પત્રોથી સદરહું યોજનાઓમાં પસંદ થયેલ સંસ્થાઓના પાત્રતાના ધોરણોમાં ઉમેરો કરવા તથા અન્ય શરતોનો ઉમેરો કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, વંચાણે લીધેલ ક્રમાંક: (૧), (૨) તથા (૩)ના ઠરાવોથી અમલિત યોજનાઓમાં સંસ્થાઓના પાત્રતાના ધોરણોમાં નીચે મુજબના ધોરણોનો સમાવેશ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. તાલીમ આપતી સંસ્થાની નોંધણી નીચેના પૈકી કોઈ પણ એક અધિનિયમ હેઠળ થયેલી હોવી જોઈએ.

- મુંબઈ જાહેર ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦
- કંપની અધિનિયમ, ૧૯૫૬
- શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૧૯૪૮ (દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ, ૧૯૪૮)

૨. શિક્ષણ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમાંક: (૫) પરના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવ મુજબ નીટ, જેઈઈ માટે ફેકલ્ટી જે તે વિષયમાં M.Sc. થયેલ હોવા જોઈએ તેમજ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાઓ માટે ફેકલ્ટી ઓછામાં ઓછા સ્નાતક તથા સામાન્ય જ્ઞાનથી માહિતગાર હોવા જોઈએ.

૩. સંસ્થા GST નંબર/ PAN કાર્ડ ધરાવતી હોવી જોઈએ.

વધુમાં વંચાણે લીધેલ ક્રમાંક:(૧),(૨) તથા (૩)ના ઠરાવથી અમલિત યોજનામાં નીચે મુજબની અન્ય શરતો ઉમેરવામાં આવે છે.

(૧) સંબંધિત નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની પૂર્વ પરવાનગી મળ્યા બાદ વિદ્યાર્થીએ જે તે સંસ્થામાં પ્રવેશ લેવાનો રહેશે અને તાલીમ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીને ચૂકવણું કરવાનું રહેશે.

(૨) બજેટની જોગવાઈની મર્યાદામાં વસ્તીના ધોરણે જિલ્લાવાર લક્ષ્યાંક નક્કી કરવાનો રહેશે.

(૩) મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ આવતા બાળકો/વિદ્યાર્થીઓને અગ્રતા આપવાની રહેશે.

(૪) તાલીમ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ પોતે કઈ કઈ પરીક્ષા આપી તેની વિગતો નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને સમયાંતરે મોકલશે અને જો તે ઉત્તીર્ણ થાય તો તે પ્રસંગે સફળતાની વાત (Success Story) પણ રજૂ કરવાનીરહેશે.

(૫) તાલીમ દરમ્યાન પ્રતિદિન હાજરીની વિગત પ્રત્યેક માસ સંસ્થાએ નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને તથા સંબંધિત વિદ્યાર્થીને આપવાની રહેશે.

(૬) વિદ્યાર્થી તાલીમ દરમ્યાન અન્ય સ્થળે પૂર્ણ સમયનો અભ્યાસ, નોકરી/ધંધો વિગેરે કરી શકશે નહિ. જો તેમ સાબિત થશે તો પૂરી રકમ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કયાણ દ્વારા વસૂલ કરવાની રહેશે.

(૭) નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ આ સિવાય નિયમોનુસારની સંસ્થાને / વિદ્યાર્થીઓને સૂચના આપે તેનું પાલન કરવાનું રહેશે.

સદરહું યોજનાઓ માટેની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૦/૧૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિગ્વિજયસિંહ કુંપાવત )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સેકશન અધિકારીશ્રી (ક, છ, જ) શાખા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી / શાખા પસંદગી ફાઇલ.